# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-09-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## P.M. મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન **AIR** મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ થશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તેમજ મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આકાશવાણી ભુજ કેન્દ્ર પરથી આજે સાંજે 7 વાગીને પાંચ મિનિટે પ્રસારિત કરાશે.

---------------------------------------------------------------------------------------

## અમૃત ભારત ટ્રેન પ્રસ્થાન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ઓડિશાથી વર્ચ્યૂઅલ માધ્યમથી સુરતના ઉધનાથી રાજ્યની પ્રથમ અમૃત ભારત ટ્રેનનું પ્રસ્થાન કરાવ્યું. આગામી પાંચમી ઑક્ટોબરથી નિયમિત

કાર્યરત્ થનારી આ ટ્રેન સુરતના ઉધનાથી ઓડિશાના બ્રહ્મપુર સુધી દોડશે. આ માટેનું બૂકિંગ શરૂ થઈ ગયું છે. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ ઉધના રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા.

---------------------------------------------------------------------------------------

## BSNL ફોર-જી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાથી ગુજરાતના ચાર હજાર સહિત દેશભરના 92 હજારથી વધુ સ્વદેશી ભારતીય સંચાર નિગમ લિમિટેડ – **BSNL**ના ફોર-જી નેટવર્કનો ગઇકાલે પ્રારંભ કરાવ્યો.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો આ ઉદ્ઘાટન સમારોહ યોજાયો.

રાજ્યમાં કાર્યરત્ થયેલા ફોર-જી થાંભલામાંથી 600થી વધુ થાંભલા અતિદુર્ગમ, અંતરિયાળ, પર્વતીય અને આદિવાસી વિસ્તારમાં કાર્યરત્ થશે. તેનાથી છેવાડાના વિસ્તારને પણ સ્વદેશી ફોર-જી સેવા મળશે.

---------------------------------------------------------------------------------------

## તાલિમનાડુ ભાગદોડ

ગઈકાલે તમિલનાડુના કરુરમાં એક રેલીમાં થયેલી ભાગદોડમાં મૃત્યુઆંક 36 પર પહોંચી ગયો છે. 50થી વધુ લોકો વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને ભાગદોડમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને પ્રત્યેકને ₹10 લાખની સહાયની જાહેરાત કરી છે. **ICU**માં સારવાર લઈ રહેલા પ્રત્યેકને ₹1 લાખ મળશે. મુખ્યમંત્રીએ ઘટનાની તપાસ માટે નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશ અરુણા જગદીસનના નેતૃત્વમાં એક કમિશનની રચના કરી છે. આ રેલી ફિલ્મ અભિનેતા અને રાજકીય નેતા વિજયની તમિલનાડુ વેત્રી કઝગમ પાર્ટી દ્વારા આયોજિત કરવામાં આવી હતી. શ્રી વિજયે આ ઘટના પર ઊંડો દુ:ખ વ્યક્ત કર્યો છે અને માર્યા ગયેલા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાગદોડમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે. ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્યમંત્રી જગત પ્રકાશ નડ્ડા, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.

---------------------------------------------------------------------------------------------

## ઓપરેશન સિંદૂર ગરબો

શક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રિ નિમિત્તે ગુજરાતના સૈન્ય પ્રત્યેના સન્માનને વ્યક્ત કરવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ  ગૃહમંત્રી સંઘવીએ જાહેરાત કરી છે કે, આજે રવિવારે રાત્રે બરાબર 11 કલાકે સમગ્ર ગુજરાતમાં એકસાથે ભારતીય સેનાના શૌર્યને સમર્પિત 'ઓપરેશન સિંદૂર' ગરબો વગાડવામાં આવશે. સમગ્ર ગુજરાત એક તાલે, એક જ સૂરમાં આપણી સેનાના સન્માનમાં ઓપરેશન સિંદૂર પર બનેલા ગરબે ઘૂમશે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ નગર સેવા સદન ઉદ્દઘાટન

ભુજ નગર સેવા સદન નવનિર્મિત નૂતન ‘અટલ ભવન’નું લોકાર્પણ સમારોહ આજે યોજવામાં આવશે. ભુજ નગરપાલિકાની પુનઃ નિર્માણ પામેલી ઘનશ્યામ નગર સ્થિત આ ઇમારતનું સવારે 10:30 વાગ્યે લોકાર્પણ કરવામાં આવશે.

સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, રાજકોટ ઝોન નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર મહેશભાઈ જાનીના હસ્તે નૂતન સંકુલનું લોકાર્પણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------